દીપક

સીનેસ્ટોરી



“શયદા”

મુદ્રણસ્થાન

બે ઘડી મોજ આર્ટ પ્રેસ

૧૨, ૧૪, બેકહાઉસ લેન,

કોટ, મુંબઇ.

મુદ્રક

હરજી લવજી દામાણી

દિપક.......

જ્યોતિ મેટ્રીકમાં પાસ થઈ હોવાથી સખી મંડળ એને મુબારકબાદ આપવા આવે છે. બીજા વિદ્યાર્થીઓ પણ આવીને જ્યોતીને વ્હાલભરી વધાઈ સંભળાવે છે. એટલામાં દીપક આવે છે, જ્યોતી એનો સ્નેહભર્યો સત્કાર કરે છે, ને પછી પોતે દેશમાં જવાની છે એવો ખુલાસો કરે છે. એ ખુલાસામાં જ્યોતી અને દીપક એક જ ગામના વતની છે, એવો ખુલાસો થાય છે. જ્યોતી કહે છે.

"આપણે એક જ ગામના છીએ છતાં એની આપણને ખબર પણ નથી."

"આપણી ઓળખાણ નવી છે ને !"

"તમો ક્યારે દેશમાં આવશો ?"

"નોકરી શોધું છુ. મળશે એટલે આવીશ."

"હું તો આજે જ જવાની છું."

* * *

અને જ્યોતી ટ્રેનમાં જતી નજરે પડે છે.

* * *

નોકરી શોધતા દીપકને, એક ઓફીસમાં જગ્યા મળે છે, પણ નવા બીજનેસને લગતી ઓફીસ ખોલવામાં હજી વીલંબ હોવાથી દીપક દેશમાં આવવા નીકળે છે. જ્યોતીના સ્વપ્નાં જોતો જોતો.

* * *

સવારના વખતે સવિતા ઘંટી ફેરવી રહી છે. ધીરે ધીરે ભજન પણ ગાતી જાય છે. દળવાનું કામ પુરૂ થાય છે. ઘંટીમાંથી લોટ સાફ કરી [ઉતરાવી] તપેલામાં ભરી, સવિતા બહાર નીકળે છે. બહાર નીકળતાં પાડોસણ સાથે આંખો મળે છે. પાડોસણ હસીને કહે છે. "આજે વ્હેલાં વ્હેલાં !"

"આજે મારો દીપક આવે છે. લોટ આપી મારે સ્ટેશન પર જવું છે"

"દીપક આવે છે?"

"હા, મારા દિલનો દીપક. આત્માનો પ્રકાશ. મારો દીપક." આમ બોલી સવિતા લોટ આપવાને બહાર નીકળે છે, ત્યાં સામેથી જ્યોતી અને બીજી બે ચાર બાળકીઓ સાયકલ ઉપર સામેથી આવે છે. અને જ્યોતી સવિતાની સાથે ભટકાય છે.

જ્યોતી સાયકલ ઉપરથી પડે છે. અને તરત જ ઉભી થઇ સવિતાના ખભા પકડતાં કહે છે, "આંધળી ભાળતી નથી."

સવિતા જ્યોતી સામું જોઇ રહે છે. પછી ઢોળાયેલા લોટ તરફ નજર કરે છે. એટલામાં શોરબકોર સાંભળી સેવા ત્યાં આવે છે, અને સવિતાને પુછે છે.

"શું છે માજી?"

સવિતા કાંઇ બોલે તે પહેલાં જ્યોતી કહે છે.

"આંધળી ભાળતી નથી, અને ભટકાય છે. મારા કપડાં બગડયા!" આમ કહી જ્યોતી કપડાં ઉપરનો લોટ સાફ કરે છે. સેવા જ્યોતીના આવા મગરૂબી ભર્યા વરતાવથી જ્યોતીને કહે છે.

"જ્યોતી કોઇ ગરીબનું નુકશાન કરવું અને દયાના બદલે......"

જ્યોતી તરત જ ઉત્તર આપે છે.

"તું દયાની દેવી છે ને!"

"હું દયાની દેવી?"

"હા, હા."

"મારા એવા સદ્‌ભાગ્ય કયાંથી. હું તો સેવિકા છું સેવા એ જ મારો ધર્મ."

"આવી મોટી સેવિકા." આમ બોલી જ્યોતી મોઢું મરડે છે. અને સાયકલ પર બેસી ચાલી જાય છે. જ્યોતીના જવા પછી, સેવા સવિતાના સામું જુવે છે. સવિતા આંસુભરી આંખે કહે છે, "આ લોટ એના જ ઘરનો છે. હવે શું કરું?

આજે મારો દીપક આવવાનો છે. અને લોટ પહોંચાડવા વિના છુટકો પણ નથી. ઘરમાં અનાજ પણ નથી, સમય પણ નથી નહીં તો બીજો દળીને આપી આવત."

"લાવો હું આપી આવું."

"એ લોકો રાખશે ?"

"હું સમજાવીને આપી આવીશ."

"સેવા તું સેવાની મુર્તિ છે. દયાની દેવી છે. પ્રભુએ તને વીધવા શા માટે બનાવી."

"પ્રભુની ઇચ્છા. જવા દયો એ વાત. લાવો લોટ.

હું આપી આવું." આમ કહી સેવા સવિતાના હાથમાંથી લોટનું તપેલું લઇ લેતાં કહે છે.

"તમે જાવ દીપકને લેવા."

સવિતા આશીર્વાદ વરસાવતી વરસાવતી જાય છે,

* * *

સેવા લોટનું તપેલું લઇ પોતાના ઘરે આવે છે.

* * *

જયોતી પોતાના ઘરમાં બેઠી બેઠી કાગળ વાંચે છે.

કાગળ દીપકનો હોય છે. એમાં લખેલું હોય છે. "હું આવું છું. સ્ટેશન પર આવશો ?" જયોતી કાગળ વાંચી હસે છે અને કહે છે, "હું શું કામ જાઉં ! એને ગરજ હશે તો આવશે ?"

* * *

સેવા પોતાના ઘરમાંથી લોટ ભરી જયોતીના ઘરે દેવા જાય છે.

* * *

દીપક ગાડીમાંથી ઉતરે છે. આમ તેમ જુવે છે. એની આંખો જયોતીને જોવા આતુર છે, પણ જયોતી દેખાતી નથી. ત્યાં પોતાની માતા ઉપર નજર પડે છે. અને દીપક દોડતો આવી સવિતાના પગમાં પડે છે. માતા દીકરાને હર્ષથી

વધાવે છે. છાતી સરસો ચાંપે છે, અને ઉત્સાહથી કહે છે.

"દીપક મારો દીપક."

* * *

સેવા જયોતીના ઘરે આવી ભેટ આપે છે. જયોતીની માતા શોભા પુછે છે, "સવિતા કયાં છે?"

"એમનો દીપક આવે છે તે સ્ટેશને ગયાં છે."

"દીપક આવે છે?" આમ બોલતાં બોલતાં શોભા પોતાનો આનંદ પ્રગટ કરે છે. અને એની દ્રષ્ટિ દીપક અને જયોતીના સ્વપ્નાં દેખાય છે. પછી સેવાને કહે છે.

"સેવા મેં તો નક્કી કરી રાખ્યું છે?"

"શું?"

"દીપક અને જયોતી!"

આમ બોલી શોભા હસી પડે છે. સેવા કહે છે.

"દીપક અને જયોતી."

ત્યાં પાછળથી જયોતી આવી કહે છે.

"હા, જયોતી, પેલી આંધળી કયાં છે?"

સેવા કહે છે.

જયોતી તું નથી બોલતી, પણ લક્ષ્મીની મગરૂરી બોલે છે. યાદ રાખજે કોઇ સમે તારે આંધળીના પગમાં પડવું પડશે."

"પગમાં પડશે મારી બલા."

* * *

પાછલી રાતના સવિતા ઘંટી ફેરવી રહી છે. આ દેખાવ બીછાનામાં પડયો પડયો દીપક જુવે છે, અને પોતે પોતાના જીવનને જાણે ધીક્કાર તો હોય, એ રીતે બબડે છે.

"હું ભણ્યો પણ માતાના હાથમાંથી ઘંટી ન ગઇ."

જયોતી અને દીપકની નદિ કીનારે મુલાકાત. "સ્ટેશન પર લેવા કેમ ન આવ્યા?" એવો દિપકનો સવાલ. જયોતિનો મગરૂરીભર્યો ઉત્તર. એ મગરૂરીના દેખાવ પર દીપકનું મોઢું પડવું.

* * *

જ્યોતીનું ઘર. લોટ આપવા આવેલી સવિતા. શોભાએ સવિતાને આદર આપવો. અને પછી જ્યોતીની સાથે દીપકના લગ્નની વાત છેડવી, સવિતાએ કહેવું.

"મારા ઘરમાં તો ફક્ત ઘંટી છે."

"મારી પાસે જે કાંઇ છે તે દીપકનું જ છેને. હું તો દીકરી આપી દીકરો લેવા માગું છું." આ વખત સવિતાને જ્યોતી સાથે અથડાવાનો પ્રસંગ યાદ આવવો; પછી દીપક દેખાવો. પોતાની ગરીબાઇ દેખાવી. અને બાદ જ્યોતીના ઘરની જાહોજલાલી તરફ દ્રષ્ટિ જવી. અને "સસરાના પૈસાથી પોતાનો બાળક સુખી થશે" એ રીતે મન વાળી, શોભાની માગણીનો સ્વિકાર કરવો.

*　*　*

દીપક અને સેવાનું મીલન. સેવાના વૈધવ્ય પર દીપકનો શોક. સેવાનો સુંદર ઉત્તર. પછી લગ્ન વીષે વાત. દીપક ઘણી મોગમ મશ્કરી પછી જ્યોતીનું નામ આપે છે. એથી સેવાનું જરા ચોકવું. અને કહેવું.

"જ્યોતી ?"

એટલામાં સવિતાનું આવવું ને કહેવું.

હા, સેવા, જયોતી. આજે હું એની માતા સાથે વાતચીત નક્કી કરીને આવી છું. "દીપક જ્યોતી" કેવું અર્થ ગૌરવ નામ. સેવા બોલી જાય છે.

"માતા."

"સેવા આશીર્વાદ આપ. પરમાત્મા સહુ સારૂ કરશે."

દીપક આ શબ્દો સાંભળતાં કહે છે.

"પરમાત્મા સહુ સારૂ કરશે ? એટલે ?"

"એટલે કાંઇ નહીં બેટા. આ શબ્દો તો માનવ પ્રકૃતીને લીધે હું બોલી છું."

દીપક એકલો એકલો બોલે છે.

"હું દીપક એ જ્યોતી, હું દીપક એ જ્યોતી," ત્યાં જ્યોતી બોલે છે.

* * *

હું જ્યોતી એ દીપક. હું જ્યોતી એ દીપક.

* * *

વસંતરૂતુનું આગમન હોવાથી ગામમાં વસંત ઉત્સવ થાય છે. આ ઉત્સવમાં જ્યોતી રાસ ખેલન ખેલે છે. બધી સખી આ યુવાની મસ્તીમાં રાસ ખેલે છે. દીપક અને બીજા માણુસો રાસ જોઇ રહ્યા છે. દીપક જ્યોતીનાં રાસનૃત્ય પર મુગ્ધ થાય છે. જ્યોતી ફુદડી ફરતી ફરતીઆવીને દીપકના પગમાં પડે છે. સેવા આ દૃસ્ય જોતા પોતાના મનથી બબડે છે.

"શું પરિણામ આવું આવશે ?"

* * *

દીપકનું વેવીશાળ. મીત્રોમાં આનન્દ વધાઇ. જ્યોતીની સખીઓમાં પણુ લગ્ન નીમી-તેની છેડછાડ. નાની નાની છોકરી-ઓની લગ્ન ચેષ્ટા.

એ પછી એક સખી કહે છે.

જ્યોતી."

"શું છે ?"

"તારી માએ જોઇ જોઇને ઘંટી જોઇ ઘરમાં ઘંટી સિવાય બીજું કશું નથી"

"એ પણુ જઇને ઘંટી તાણુશે."

ઘંટી તાણુશે મારી બલા. હું તો મારા દીપકને લાવીશ મારા ઘરે. ઘરજમાઇ તરીકે.

"અને તારી સાસુ ?"

"સાસુ પડે ....."

*　*　*

લગ્ન. લગ્ન પછી મુંબઇથી નોકરીનો કાગળ. દીપકે "થોડા દીવસ પછી આવીશ." એવો જવાબ લખવો.

*　*　*

લગ્ન પછીના પ્રેમભર્યા દિવસો. આ પ્રેમમય વાતાવરણમાં સેવા પણ ભળે છે. સેવા જયોતીને મેણું મારવાનો દાવ શોધે છે, પણ વિચાર કરીને ચુપ રહે છે. દીપક જયોતીમાં આનંદ અને માતાના હાથમાં ઘંટી.

*　*　*

આજે શોભા દીપક અને જયોતીને જમવાનું કહેવામાં આવે છે. સવિતા આનંદથી એ આમંત્રણનો સ્વીકાર કરે છે.

*　*　*

જયોતીના ઘરમાં દીપકનું આનન્દથી જમવું, ત્યાં માતાએ વાસી અનાજ ખાઇ આનંદ માણવો. શોભાએ દીપકને પોતને ત્યાં રહેવા સમઝાવવો. અને દીપકનું ગમી જવું. 'માતાને રાજી કરીને આવીશ એમ કહેવું.

*　*　*

સેવાનું ઘર. સેવા પોતાના પતિની છબી જોઇ રહી છે. અને ભાવભર્યા શબ્દોમાં પતિગાન ગાઇ રહી છે. ત્યાં બહારથી "સેવા." એવો અવાઝ આવે છે. સેવા આવે છે, જ્યોતી તેને જુવે છે અને કહે છે. "કોણ જયોતી !"

"હા, મંદિરે નથી આવવું."

"તેં મારૂં મંદિર જોયું છે?"

"તારૂં મંદિર."

"હા. આવ બતાવું."

આમ બોલી સેવા જયોતિને અંદરના ઓરડામાં લઇ જાય છે. અને પોતાનું ઘર બતાવતાં કહે છે. "જો આ મારૂં મંદિર, [અને પોતાના પતિની છબી બતાવી,] આ મારા હૃદય મંદિરના દેવ."

"આ તો તારા પતિની છબી."

"પતિ એ જ સ્ત્રીનો દેવ છે."

આજના આગળ પડતા જમાનામાં મુર્ખ છે.

"ભલે. મને આજના જમાનાનું ડહાપણ નથી જોતું."

"તું ભણી પણ ગણી નહી."

"કેમ રોજ રોજ પતિ બદલાવું તો..." જયોતી હસે છે. અને પછી કહે છે.

"હા. પણ તારી અને તારા પતિની મુલાકાત તો જાણે ચાર પળની હતી."

"હા. પણ એ ચાર પળમાં મેં ચાર યુગનું સુખ લીધું હતું."

સાર થા સંસાર કા વો' સાર પલમેં લે લીયા
ચાર યુગકા સુખ મેંને ચાર પલમેં લે લીયા.

* * *

સવિતાના ઘરમાં સવિતા અને દીપકમાં વાદવીવાદ—દીપકનો સાસરે રહેવા જવા વિચાર. માતાના માર્મિક મેંણાં. દીપકનું ત્યાંથી બીજા ખંડમાં જવું. જયોતીને મળવું.

જયોતીએ દીપકને પોતાને ત્યાં લઇ જવા બહુ જ ઉશ્કેરવો "આજના યુગમાં સસરાની કમાણીનો બાધ શો" એવો ખુલાસો કરવો. અને દીપકનું સાસરે રહેવા જવાને તૈયાર થવું.

દીપકનું સાસરે રહેવા જવા માટે નીકળવું. માતાનું મમતાભર્યું આક્રંદ. દીપકની હઠ. એટલામાં જોરથી પવન આવવો. ઘરમાં બળતો દીપક પવનથી બુઝાવાની અણી પર. એટલામાં સેવાનું ત્યાં આવવું. સવિતાનો અવાજ.

"મારો દીપક. મારો દીપક, ગયો મારો દીપક ગયો."

"નહીં. હું તમારા દીપકને નહીં જવા દઉં." આમ બોલી સેવાએ પોતાની સાડીનો પાલવ બળતા દીપકની આડે ધરવો. અને દીપકને બચાવી લેવો.

* * *

દીપકનું રસ્તામાંથી નીકળવું. અને એના કાનમાં આવાઝ આવવો.

હૈ કોઇ ઇસ દુનિયામેં યાર
સસરેકી કમાઇવાલા
સસરેકી કમાઇવાલા.
દીપક સસરેકી કમાઇવાલા

દીપક આગળ ચાલે છે.

વીઘા કે પાનીમેં ડાલા
ઇસકા મુંહ દુનિયામેં કાલા હૈ કોઇ......

દીપક સાંભળતો જાય છે ને ગભરાતો જાય છે. ઘરે આવે છે. ઘરમાં આજ આવાઝ એના દિલમાં કાંટાની માફક ખટકયા કરે છે રાતના પણ એ જ આવાઝ દીપકને નીંદ્રા આવવા દેતો નથી. છેવટે દીપક બીમાર પડે છે.

દીપકની બિમારીમાં ડાકટરની દોડધામ. જયોતીની જંખના–સાથે સાથે બેદરકારી. બીમારીનું વધવું. અને "કોઇએ પણ દીપક સાથે વાત ન કરવી." એવો ડાકટરનો હુકમ.

* * *

સવિતાને ખબર પડવી. દીપક બીમાર છે, જેથી સવિતાનું તુટતા હૃદયથી દીપકને જોવા આવવું. દરવાજા પર જયોતીનું મળવું. સવિતાએ પુછવું,

"મારો દીપક કયાં ?"

"અંદર છે."

સવિતાનું ઘરમાં જવા આગળ વધવું. જયોતીએ કહેવું

ડાકટરની રજા નથી.

સવિતાના હૃદયની હાલત ન સમજી શકાય એવી થઇ જવી. એટલામાં ડાકટરનું આવવું. ઘરમાં જવું. દીપકને જોવો અને કહેવું.

"દીપકને શી બીમારી છે એ સમઝવામાં નથી આવતું."

સવિતાએ શબ્દો સાંભળ્યા અને હૃદયને પકડી એક આહ કરવી. અને બોલવું.

"પરમાત્મા."

એવામાં ડાકટરનું બાહેર નીકળવું. સવિતાએ ડાકટરને દયામણા આવાઝથી પુછવું. "કેમ છે, મારા દીપકને."

"કાંઇ સમઝવામાં નથી આવતું."

* * *

સવિતા પરમાત્માની મુર્તિને કરગરી રહી છે. "ભગવાન ડાકટરના સમઝવામાં નથી આવતું, કોઇના સમઝવામાં નથી આવતું, દેવ તારા સમઝવામાં તો આવે છે, તું સમજે છે, મારો એકનો એક બાળક, મારો દીપક. ભગવાન, ભગવાન

કરૂણ રૂદન, અને ભક્તિભર્યું ગાયન, ગાયનમાં સેવાનું આવી સામીલ થવું.

* * *

માતાની પ્રાર્થનાથી દીપકને આરામ થવો. સેવાનું દીપકને જોવા આવવું. વાતો થવી. વાતોમાં ને વાતોમાં સેવાએ કહેવું કે—

"દીપક માતા બહુ જ યાદ કરે છે."

આ વાતને જયોતીએ વચમાંથી જ ઉડાવી દેવી. અને દીપક ફરી બીમાર થઇ જશે એવો ડર બતાવવો. સેવાએ વાતને ફેરવવી. બીજી વાતચીતમાં સેવાનું કહેવું કે, "અમે એક સેવા સમાજની સ્થાપના કરી છે. દીપક તમો ભાષણ આપવા આવશો."

"જરૂર આવીશ."

* * *

સેવા સમાજની સભા. સભામાં સેવાનું વ્યાખ્યાન. પછી દીપકનું સેવા ભાવના ઉપર બોલવું, અને કહેવું કે, "જન સેવા માટે ગમે તેવા બળીદાન આપવા પડે તો આપવા જોઇએ." દીપકના બેસી જવા પછી સેવાનું ફરી ઉભું થવું અને કહેવું.

"દીપકનું ભાષણ કેટલું સુંદર! કેટલું મધુર. કેટલું વેગીલું. પણ વેગીલા ભાષણથી કશું નથી વળતું. વાણીથી અર્થ નથી સરતો. સેવા માટે બોલેલા બોલ વહેવારમાં મુકવા જોઇએ. કહેવા પ્રમાણે કરી બતાવવું જોઇએ."

દીપક "હું ગમે તેવા બળીદાન માટે તૈયાર છું."

સેવા : "તમે ?"

દીપક : "હા".

સેવા : દીપક, પહેલા તમારી માતાના સામું જુવો. એની અવદશાનો વિચાર કરો. જે માણસ પોતાની જણેતા

માતાને તરછોડે છે, એ બીજાના માટે શું બલીદાન આપ-
વાનો હતો ?

દીપક આવેશમાં બોલી ઉઠે છે.

"સેવા ! ! !"

"સેવા ! સેવા તમારી માતાની કરો સ્વર્ગના દ્વાર
માતાના ચરણમાં છે."

દીપક આ શબ્દો સાંભળતાં દિવાના જેવો થઇ પડે છે.

માતા. માતા. માતા.

ત્યાં ઘરમાં સવિતા પથારીમાં પડી પડી કહે છે, "દીપક
દીપક, દીપક. દીપક દોડતો દોડતો આવે છે. ધક્કો મારી
દરવાજો ઉઘાડે છે. અને આવીને માતાના પગમાં પડે
છે. સવિતા દીપકને છાતીથી ચાંપે છે. ચુંબનોથી એને
મુંઝવી નાખે છે. દીપક કહે છે.

મા. માડી.

સવિતા કહે છે.

દીપક.

* * *

ઘરમાં સવિતા અને સેવામાં જયોતી વિષે વાતચીત.
સવિતા સેવાને કહે છે.

"સેવા ઘરમાં દિપક છે. જયોતી નથી." સેવા કહે છે.

"હું લાવી આપીશ માતા."

સેવાનું જયોતી પાસે આવવું. જયોતીને સાસરે જવા
માટે શીખામણ આપવી. જયોતીનું ગુસ્સે થવું. ગમે તેવા
બોલો બોલવા. શોભાએ જયોતીને આમ બોલતાં અટકાવવી.
સેવાએ કહેવું.

"શોભા કાકી જયોતી નથી બોલતી."

"હું નથી બોલતી તો કોણ બોલે છે."

લક્ષ્મીની મગરૂરી. મગરૂરીનો પવન. પણ જાણે છે મગ-રૂરીનો પવન ઠોકરો ખવરાવે છે, પવનથી ભરેલો ફુટબોલ જેમ ઠોકર ખાય છે (ફુટબોલની રમતનો દેખાવ] એમ તું ઠોકર ખાશે ત્યારે ઠેકાણે આવશે.

* * *

એ અરસામાં દીપકને ફરી મુંબઇથી નોકરી માટે કાગળ આવે છે. અને દીપક મુંબઇ જવા તૈયાર થાય છે. આ વખતે પણ સેવા જયોતીને સમઝાવવા આવે છે. જયોતી નથી માનતી, અને કહે છે "હું ઠોકરો ખાઉં તો તું હાથ ન પકડતી."

સેવાનો ધર્મ એજ છે કે ઠોકરો ખાનારને ઠેકાણે લાવે. એનો સંસાર સોનાનો કરે. જયોતી તું ગમે તેવી છો, મારી બહેન છો. તુ ભલે મને ભુલી જાય હું તને નહી ભુલું"

* * *

દીપક મુંબઇમાં.

મુંબઇમાં આવ્યા પછી સમયનો ફેરફાર. આજ સો, બસો, પાંચસો, પગાર થવો.

આ આનન્દ દિવસોમાં સવિતાએ જયોતીને યાદ કરવી. દીપકને સમઝાવવો, કાગળ લખાવવો. દીપકે કાગળ જયોતી ઉપર લખવો.

* * *

કાગળ જયોતીના હાથમાં. જવાબમાં "માવડીયા પતિ પાસે આવવા નથી માગતી."

* * *

કાગળ દીપકના [illegible] હેતું.
આજથી જ્યોતી મારા જી[illegible]

વીદયાદેવી સાથે દોસ્તી [illegible] માં દીપક સાથે લગ્ન કરવાના કોડ. [illegible] પ્રસંગો

ત્યાં જ્યોતીની મા [illegible] પ્રેમા ખાઇ જવા. જ્યોતીની [illegible] થી [illegible]ની ઠોકરો ખવાનો સમય. દુ:ખના પ્રસંગો વીરત થી [illegible] જ્યાં ત્યાં અપમાન અને ચારિત્ર ઉપર [illegible] વીજન આવા દુ:ખમાં જ્યોતી [illegible] જાય [illegible] ઉપર [illegible] આવતાં વિચાર [illegible] "હું [illegible] લગ્નને [illegible]" એ જ વાત તે સેવા પા[illegible] કહે છે.

"તારે [illegible] જરૂર નથી [illegible] જ્યોતીની સેવામાં સેવા સદાકાળ [illegible]"

જ્યોતી [illegible] છે. [illegible] ખાલી કરે છે.

સેવા દી[illegible] "જ્યોતી આવવા માગે છે." [illegible] હોય છે દીપક [illegible]માં લખે છે. "મારા જીવન[illegible]યોતી [illegible]" પાછો સેવાનો [illegible]

"દીપકથી જ્યો[illegible] દુર [illegible]તી નથી."

છેવટે સેવા [illegible] લાવે છે. દીપક જ્યોતીને જુવે છે, અને માવડિયા પતિ પાસે તારૂં કશું કામ નથી. જા, જા, ચાલી જા. આમ બોલતા બોલતા એ [illegible] છે અને બેહોશ [illegible]

[illegible] દીપકના સેવા કરે છે. દીપકને જોવા [illegible] મિ[illegible] છે [illegible] દીપકની પાસે [illegible] છે. દીપક [illegible]. જ્યોતી છાની છાની દીપક[illegible] પ્રમત્તો ઉભી જુવે છે.

[illegible] ખોખડ બાલ બના-
[illegible] કહે છે. "જલ્દી
પપ્પા આ [illegible]
જલ્દી, મારે [illegible] નાથી [illegible] કપડાં જ્યોતી
દીપ [illegible] ને [illegible] જુવે છે એના
તૈયાર કરી રહી [illegible] જુવે [illegible] કાંઈ સાધન ન
પર ધુળ [illegible] ાખે છે. અને
મળવાથી [illegible] એટલામાં વીદયા
માથાના વાળથી [illegible]
ત્યા આવે છે. અને [illegible]

"કોણ છો તમે."

"જ્યોતી દીપકની [illegible]

"એટલા [illegible] વાળથી [illegible] સાફ કરો છો.
મુર્ખ. જ ગલી [illegible]

હા. હુ [illegible] હું તો
માથાના વાળ [illegible]
શું કરો છો. તમે [illegible] કાતર
ચગવો છો. ક [illegible] ામમા. સ [illegible]
છે. મારા વાળના [illegible] માં તે. કામ
લાગે છે" આ [illegible] ચેષ્ટા જોતો
હતો. એનાથી [illegible] આવે છે. જ્યોતી
આવેશથી છાતી [illegible]

જ્યોતી, જ્યોતી.

અંદરથી [illegible]

'દીપકથી [illegible]